# ‘પદ્માવત’ના વિરોધના નામે થતાં તોફાનો ચિંતાજનક છે

## ‘પદ્માવત’ના વિરોધના નામે થતાં તોફાનો કે અરાજકતા વધુ ફેલાય તે પહેલા ઉકેલ જરૂરી




“પચીસમી આવશે પણ ‘પદ્માવત’ નહીં આવે..!!” આ કરણીસેનાના સુપ્રિમોનો ઉચ્ચારણોથી સમગ્ર દેશ વહેલી સવારથી ઉત્તેજના અને ચિંતા અનુભવે છે. આવી ઉત્તેજના જગાવવા અને પ્રજાની માથે લટકતી તલવાર રાખવાની મજા સરકારને કેમ આવે છે તે હજી સમજાતુ નથી..! ‘પદ્માવત’ના વિરોધના નામે થતી હિંસા જનજીવનને કેટલુ અસ્તવ્યસ્ત કરે છે એની કલ્પના એફઆરઆઈ નોંધતી પોલીસને નથી હોતી..?! હર હંમેશની જેમ તોફાનો પત્યા બાદ ઘટનાસ્થળે પહોંચવા ટેવાયેલી પોલીસ કોના ઈશારે અટવાઈ જાય છે તે હજુ સમજાતુ નથી. તોફાની ટોળાએ વસ્ત્રાપુર, થલતેજ અને એસ.જી. હાઈવે ઉપર મચાવેલો આતંક સૌને ધ્રુજાવી ગયો હતો અને સોશ્યલ મીડીયામાં વાઈરલ થયેલા ફોટા સ્પષ્ટ દર્શાવે છે કે સમયસર અને કડક પગલાં લેવાયા હોત તો તોફાનનો વ્યાપ આટલો ના હોત..!

‘પદ્માવત’ ફિલ્મના મામલે આજે આખો દેશ ઉચાટ અનુભવે છે. બસ્સો કરોડના ખર્ચે નિર્માણ પામેલી ફિલ્મને અટકાવવા બે હજાર કરોડથી વધારે નુકશાન થવાના સંભવિત અંદાજ સામે આપણી સરકાર કેમ આંખ આડા કાન કરે છે. સેન્સર બોર્ડ, કરણીસેના અને તટસ્થ ઈતિહાસના વિશ્લેષકોને એક સાથે બેસાડી કેન્દ્ર સરકારે ઉકેલ શોધવાની તક ગુમાવી છે. એ એક ને એક બે જેવી વાત છે. સમાજને વહેંચવો, જાતિવાદ સંબંધિત પ્રશ્નો સળગતા રહે તેવી રાજકીય મનોદશા વખોડવા લાયક છે એટલું જ નહિ દફનાવવા લાયક છે. કરણીસેના હોય - મહાકાલ સેના હોય કે વિશ્વ હિન્દુ પરિષદ હોય એમની વાત સાંભળવા માટે કેમ સરકાર પાસે સમય નથી..?! વૈશ્વિક મંચ અને

**સમયસર અને કડક પગલાં લેવાયા હોત તો તોફાનોનો વ્યાપ આટલો ના હોત**

મેળાવડાઓમાં છવાઈ જવાના અભરખાવાળા શાસકોને ઘરઆંગણે સળગતી સમસ્યાની હોળી ઠારવાનો સમય નથી કે ઈચ્છા નથી..?! ઈતિહાસ સાથે ચેડા થયા છે કે નહિં એ તપાસ કરવા રાષ્ટ્રભક્તીના ગાણા ગાતી સરકારે વિદેશથી તજજ્ઞો બોલાવવા પડશે કે શું..?!

જે હોય તે સમયસર સમસ્યાનો ઉકેલ નહિ લાવવાનું કલંક સરકારના ભાલે લાગી ચુક્યું છે..! હજુ પણ મોડુ થાય તે પહેલાં વધુ ખાના-ખરાબી થાય તે પહેલાં... સમાજના ટૂકડે-ટૂકડા થાય તે પહેલા... સંસ્કાર અને સંસ્કૃતિના લીરેલીરા થાય તે પહેલાં... તમામ પ્રકારની સત્તા અને વગનો ઉપયોગ કરી આગામી બાર કલાકમાં સૌને સંતોષ થાય એવો ઉકેલ શોધવાનો પડકાર સરકાર સામે ઉભો છે. ઝીલવાની સમર્થતા પુરવાર કરશો તો દેશ સંભવિત અરાજકતામાંથી ઉગરી જશે..!!



ચુસ્ત બંદોબસ્ત - પદ્માવત ફિલ્મના પ્રસારણના મામલે શહેરના જાણીતા સિનેમા હોલ સીટીપલ્સ ખાતે પોલીસે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો... જો કે, મોડીસાંજે ગુજરાતના તમામ સિનેમા થિયેટર માલિકોએ પદ્માવત ફિલ્મ નહિ પ્રદર્શિત કરવાનો નિર્ણય લેતા પોલીસ અને પ્રજામાં હળવાશ અનુભવાઈ હતી...

# આરટીઓ દ્વારા મનપાની બસ ઈન્દિરાબ્રીજ પાસે ડિટેઈન કરાઈ

## મનપાના પદાધિકારીઓ સરકારમાં રજુઆત કરવા પહોંચ્યા પણ કેબિનેટ બેઠક હોવાથી મંત્રીકક્ષાએ રજુઆત ન કરી શક્યા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ચલાવવામાં આવતી સીટી બસ સેવાની એક બસને આજે આરટીઓ સત્તાવાળાઓ દ્વારા ડિટેઈન કરાતાં પ્રજાજનો પારવાર મુશ્કેલીમાં મુકાયા હતા.

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા ઈન્દિરાબ્રિજ સુધી સીટીબસ ચલાવવામાં આવે છે. આ બસના રૂટ માટે કમિશ્નર ઓફ ટ્રાન્સપોર્ટ પાસે મંજૂરી પણ માંગવામાં આવેલ છે તે વાતને છ માસ જેટલો સમય થવા આવ્યો છે પરંતુ કોઈજ પ્રતિસાદ ન મળતાં આ રૂટ ચાલુ કરવામાં આવ્યો હતો.

આ રૂટ પર સારી એવી સંખ્યામાં મુસાફરો પણ મળતા હતા અને તંત્રએ આ રૂટની સેવાઓને સઘન બનાવવાની પણ વિચારણા શરૂ કરી હતી. પરંતુ આજે એકાએક આરટીઓ તંત્ર દ્વારા આ સીટીબસને ડિટેઈન કરવામાં આવતાં આ રૂટનું સંચાલન બંધ કરવાની ફરજ પડી હતી અને આ રૂટના મુસાફરોની હાલાકી વધી જવા પામી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# આગચંપી અને તોડફોડના ઘેરા પ્રત્યાઘાતો : નગરજનો ઉચાટમાં

## શાંતિપુર્ણ માહોલમાં તંગદીલીથી સન્નાટો : નાગરિકો બહાર જતા ઉચાટ અનુભવે છે : તોડફોડ અને આગચંપી સહીત રસ્તાઓ બ્લોક કરવાની હરકતથી જનજીવનમાં અજંપો

ગાંધીનગર તા ૨૪

પદમાવત ફિલ્મના રીલીઝને અનુલક્ષી રાજયમાં આગ ચાંપવાના અને તોડફોડના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવતા આમ નાગરિકોમાં ઉચાટભર્યો માહોલ સર્જાયો છે. સામાન્ય નાગરિકો આ તોફાની હરકતથી વિશેષ પ્રભાવિત છે. ગાંધીનગર જિલ્લામાં પણ અગાઉ બસોને આગ ચાંપવાના બનાવો ધ્યાને આવ્યા હતા. જયારે ગઈકાલે રાત્રે પણ થિયેટરો બહાર પોલીસ વાનનો પહેરો જોવા મળ્યો હતો. એસ ટી બસોને આગ લગાડવા ઉપરાંત રસ્તા પર ટાયરો સળગાવી ચક્કાજામ કરવાની સ્થિતિથી નગરજનોમાં અજંપાભરી સ્થિતિ સર્જાઈ છે. શાંત પ્રકૃતિ ધરાવતા નગરજનો પણ ઉચાટમાં આવી ગયા છે.

પદમાવત ફિલ્મના રીલીઝને અનુલક્ષી સમગ્ર રાજયમાં છેલ્લા કેટલાક સમયથી એસ ટી બસ અને વાહનોને આગ લગાડવાના બનાવો પ્રકાશમાં આવી રહયા છે. એસ ટી ને આગ લગાડવા ઉપરાંત માર્ગો પર ચક્કાજામની સ્થિતિ પણ જોવા મળી રહી છે. આ સ્થિતિને અનુલક્ષી જાહેરજીવનમાં અશાંતિ અને તંગદીલીનો માહોલ જોવા મળી રહયો હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ગઈકાલે પણ અમદાવાદમાં મોલ સેન્ટરમાં તોડફોડ સાથે આગ લગાડાવાની ઘટનાના લીધે જનજીવનમાં ભયની લાગણી વ્યાપી છે. માર્ગો પર ટાયરો સળગાવીને વાહનવ્યવ્હાર અટકાવી દેવાના પ્રયાસો સાથે રાજયમાં રોજબરોજ ધ્યાને આવતી ઘટનાઓથી આમ નાગરિકો ભયની ગર્તામાં ધકેલાઈ ગયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે. શહેરના થિયેટરો પર પોલીસ પહેરો જોવા મળી રહયો છે. જયારે વિવાદાસ્પદ પદમાવત ફિલ્મની રીલીઝને અનુલક્ષી હાથ ધરાયેલી લડત વધુ જલદ સ્વરૂપ પકડયુ છે. ત્યારે ગાંધીનગરમાં પણ આ મામલે ઉચાટભર્યો માહોલ જોવા મળી રહયો છે. ગઈકાલે ટાઉનહોલમાં યોજાયેલા ડાયરાના અંતે પણ શહેરમાં આગચંપી અને તોડફોડના બનાવો બને તેવી ભિતિ વચ્ચે પોલીસ અને ફાયરબ્રિગેડનુ તંત્ર મોડી રાત સુધી સ્ટેન્ડ ટુ રહયુ હતુ. જયારે વિવિધ ઠેકાણે પોલીસ પેટ્રોલીંગ પણ સઘન બનાવી દેવાયુ હતુ. પદમાવત ફીલ્મને રીલીઝ ન કરવાના સમર્થનમાં વેપારીઓ તેમજ નગરજનો પણ જોડાયા છે. પરંતુ ઉગ્ર વિરોધમાં સામાન્ય નાગરિકોએ હેરાન થવાનો વારો આવ્યો છે. ગાંધીનગરમાં પણ ઉચાટભર્યો માહોલ છે. આમ નાગરિકો આ સંજોગોના લીધે અજંપાભરી સ્થિતિ અનુભવી રહયા છે. એસ ટી બસોને આગ લગાવાની ઘટનાઓ પ્રકાશમાં આવ્યા બાદ ગઈકાલે અમદાવાદમાં પણ મોલ અને વાહનોમાં આગ લગાડવા સહીત તોડફોડના કિસ્સાઓ સામે આવતા જનજીવનમાં ઉચાટ પ્રવર્તયો છે. આડા દિવસોમાં પણ શાંત જોવા મળતા ગાંધીનગરમાં નગરજનો અજંપો અનુભવી રહયા છે. આ સ્થિતિ વચ્ચે બહાર જવુ કે નહી તે મામલે પણ અસમંજસની સ્થિતિ અનુભવે છે.

# ગાંધીનગર ઠંડુગાર : પારો ૯.૨ ડિગ્રીએ



ગાંધીનગર તા ૨૪

શિયાળાની મોસમમાં છેલ્લા બે દિવસથી ફરી નિખાર આવ્યો છે. ઠંડીની મોસમ જામી છે. વળતા જતા નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા હતા. જેના લીધે સાંજ ઢળતા જ નગરમાં સન્નાટો છવાઈ ગયો હતો. રાત્રિના સમયે પણ માર્ગો સુનકાર

**લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ત્રણ ગણો તફાવત : આકરી ઠંડીથી સાંજ ઢળતા જ નગરના માર્ગો પર સુનકાર**

જોવા મળતા હતા. નગરનુ જનજીવન ઠંડીની અસરથી પ્રભાવિત થયુ છે.

ગાંધીનગરમાં મોસમનો મિજાજ અચાનક જ બદલાય છે. આકાશમાં વાદળોના ઘેરાવા સાથે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળે છે એમ ઠંડીની ઋતુમાં પણ ગમે ત્યારે ઠંડીનો પારામાં પણ અચાનક ચઢઉતરના લીધે મોસમનો મિજાજ શિયાળે ઠંડીનો ઉગ્ર મિજાજ જોવા મળી રહયો છે. આજે ૪ ડી ગ્રીના નોંધપાત્ર ઘટાડા સાથે લઘુત્તમ તાપમાન ૯.૨ ડી ગ્રીએ પહોંચી

● અનુસંધાન પાન-૭ પર

# નગરની કેટલીક શાળાઓ અને સ્કુલ વર્ધીના વાહનો સ્વેચ્છાએ બંધ રહેશે

ગાંધીનગર તા ૨૪

વિવાદસ્પદ પદમાવત ફિલ્મના રીલીઝને અનુલક્ષી વિરોધનો વંટોળ સર્જાયો છે. જયારે ફિલ્મના રીલીઝના વિરોધમાં બસોને આગ, રસ્તાઓ પર ટાયર સળગાવી ચક્કાજામ સહીત તોડફોડના અનેક બનાવો ધ્યાને આવ્યા છે. આવા સંજોગોમાં તા ૨૫ જાન્યુઆરીના રોજ ફિલ્મ રીલીઝના વિરોધમાં બંધનુ એલાન આપ્યુ છે. જેને સમર્થન આપવા માટે પણ અપીલ કરવામાં આવી છે. આ અન્વયે ગાંધીનગરની કેટલીક શાળાઓએ આ સ્થિતિને ધ્યાને લઈ શાળાઓ બંધ રાખવાનો સ્વેચ્છાએ નિર્ણય લીધો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. બંધના લીધે સ્કુલવાન પણ બંધ રાખવા વિચારણા કરી છે. જેથી વિદ્યાર્થીઓને શાળા સુધી પહોંચવાની તકલીફ પડે તેમ છે. તોફાનની દહેશનતના લીધે સ્કુલ વર્ધીના વાહનમાલિકોએ સ્કુલવર્ધી બંધ રાખવા માટે પણ નિર્ણય કર્યા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે શાળાઓ સંપુર્ણ રીતે બંધ રહેશે કે કેમ તે અંગે પણ કોઈ સ્પષ્ટ નથી. પરંતુ કેટલીક શાળાઓએ આ મામલે નિર્ણય કરી શાળા બંધ રાખવાનો નિર્ણય કર્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે સ્કુલ વર્ધાના વાહનચાલકો પણ તોફાનની દહેશતના પગલે આમ વિચારી રહયા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

# સાહિત્યકાર ડૉ. આરતી પંડ્યાનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતના જાણીતા સાહિત્યકાર ડૉ. આરતીબેન પંડ્યાનું આજે ટૂંકી માંદગી બાદ દુઃખદ અવસાન થયું છે.

સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યાના તેઓ ધર્મપત્ની હતા. સંસ્કૃત સાહિત્યમાં ડૉક્ટરેટ તેમણે મેળવી હતી અને જી.એલ.એફ. સાથે જોડાયેલા હતા. તેમણે ૩ જેટલા પુસ્તકો પણ લખી અને લેખિકા તરીકેની આગવી ઓળખ ઉભી કરી હતી. વિષ્ણુભાઈ સાથે મળી તેમણે ૯૦ થી વધુ પુસ્તકોનું સંપાદન પણ કર્યું હતું.

સ્વર્ગસ્થની અંતિમ યાત્રા તેમના નિવાસસ્થાનેથી સવારે ૮ વાગે નીકળશે અને થલતેજ સ્મશાનગૃહ ખાતે અંતિમ સંસ્કાર વિધિ કરવામાં આવશે. સ્વર્ગસ્થના દુઃખદ અવસાનના સમાચાર પ્રસરતાં જ સાહિત્ય જગતમાં ઉંડા શોકની લાગણી પ્રસરી જવા પામી હતી.

ડૉ. આરતી પંડ્યાના દુઃખદ અવસાન અંગે ગાંધીનગર સમાચારના મેને. તંત્રી કૃષ્ણકાન્ત જહા, શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા, ગાંધીનગર સાહિત્ય સભાના અગ્રણીઓ તેમજ સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ ભાગ્યેશ જહાએ ઉંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

# આજે ડીડીઓ કોન્ફરન્સ

**પંચાયતીરાજની વિવિધ કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૪

રાજ્યના રાજ્ય પંચાયત મંત્રી જયદ્રથસિંહજી પરમારની અધ્યક્ષતામાં આજે રાજ્યના જિલ્લા વિકાસ અધિકારીઓની એક મહત્વની બેઠક યોજવામાં આવી છે.

સ્વર્ણિમ સંકુલ ખાતે યોજાનાર આ બેઠકમાં પંચાયતોની સેવાઓ લોકાભિમુખ બને તે માટે હાલની વિવિધ યોજનાઓની સમીક્ષા કરવામાં આવનાર છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આવાસ યોજના, રૂર્બન પ્રોજેક્ટ, ૧૪મુ નાણાંપંચ, ગૌચરની જમીનોની ઉપલબ્ધિ, ગામતળની જગ્યાઓ, ગ્રામીણ વિસ્તારના દબાણો, નવા પંચાયત ઘરની દરખાસ્તો, સમરસ યોજના અંગેની સમીક્ષા, પંચાયતોને કરવેરાની આવક અને પંચાયતોના વહીવટને

● અનુસંધાન પાન-૭ પર


**પ્રાર્થના સભા**



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી નંદકિશોર ગુપ્તાનું તારીખ ૧૮.૦૧.૨૦૧૮, બુધવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. સદ્‌ગતનું બેસણુ / પ્રાર્થના સભા તારીખ ૨૫.૦૧.૨૦૧૮, ગુરુવારના રોજ નીચેના સ્થળ અને સમયે રાખેલ છે.

સ્થળ : સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, ચ-૫ સર્કલ પાસે, સેકટર-૧૭, ગાંધીનગર.

સમય : સવારે ૯:૦૦ થી ૧૧.૦૦ કલાકે

-: શોકાકુળ :-

ભગવાનસહાય, રામાવતાર, જગદીશ અને સમસ્ત ગુપ્તા પરિવાર

જ. પ્ર. ગુપ્તા, આઈ.એ.એસ.

અગ્ર સચિવ (પાણી પુરવઠા)

**હાર્દિક અભિનંદન**

ગાંધીનગર જીલ્લા લઘુમતી સમાજનું ગૌરવ



જનાબ અસરફખાન નજીરખાન પઠાણ

મુ. ખોરજ, તા.જી. ગાંધીનગર.

મો. ૯૯૦૪૦ ૪૩૮૭૬

આપશ્રીની ગાંધીનગર જિલ્લાના લઘુમતિ કોંગ્રેસ સમિતિના ચેરમેન તરીકે નિમણુંક કરવામાં આવેલ છે. તે બદલ આપશ્રીને ખૂબ ખૂબ અભિનંદન તથા આપ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી અમારી હાર્દિક શુભકામનાઓ...

- ખુદા હાફિઝ

શુભેચ્છકશ્રીઓ

મહંમદભાઈ આર. શેખ - વાવોલ

પ્રમુખશ્રી, વાવોલ મુસ્લીમ સમાજ

- જનાબ યુસુફભાઈ પરમાર - પેથાપુર પૂર્વ ડે. મેયરશ્રી ગાંધીનગર
- જનાબ અનવરભાઈ મલેક - અડાલજ
- બચુભાઈ એસ. શેખ-વાવોલ
- યુસુફભાઈ એચ. શેખ-વાવોલ
- શેરમહંમદ એફ. શેખ-વાવોલ
- મહેબુબભાઈ એફ. શેખ-વાવોલ
- ફિરોજભાઈ એ. શેખ-વાવોલ
- હુસેનભાઈ એ. શેખ-વાવોલ
- નુરમહંમદ એ. શેખ-વાવોલ
- ગનીભાઈ એ. શેખ-વાવોલ
- જાફરભાઈ એ. શેખ-વાવોલ
- ગુલશનભાઈ એ. શેખ-પેથાપુર
- જાફરભાઈ યુ. શેખ-કલોલ
- મહંમદભાઈ એ. શેખ LIC - કલોલ
- ભુરાભાઈ કુરેશી-સે.૨૪
- ઝાકીરભાઈ લુહાર - પેથાપુર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

BRIDGESTONE CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર. ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

“સંસ્કૃતિ” સંસ્થા, ગાંધીનગર

‘રાજધાનીનાં રતન’

‘સંસ્કૃતિ’ દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :

| | |
|---|---|
| ડૉ. ચેતના અ. બુચ<br>પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા.,<br>સેકટર-૨૦, ગાંધીનગર<br>મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮ | શ્રી હરેશ કે. ઠાકર<br>પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ,<br>જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭,<br>ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯ |
| મનોજ શુકલ<br>મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯ | રમેશ પટેલ<br>પ્રમુખ, ‘સંસ્કૃતિ’ સંસ્થા |

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com